પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૪૫ | ૨૬ એપ્રિલ, ૨૦૨૨, મંગળવાર; ચૈત્ર વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

પંજાબ-કચ્છ બોર્ડરથી ૧૦૦૦ કરોડનું ડ્રગ્સ પકડાયું

પંજાબના અટારી બોર્ડર પરથી ૧૦૨ કિલો હેરોઇન જપ્ત કરાયું : આંતરરાષ્ટ્રીય બજારમાં કિંમત રૂ. ૭૦૦ કરોડ : કસ્ટમ વિભાગ અનુસાર, દવાઓના કન્સાઈનમેન્ટના એક્સ-રે સ્કેનિંગ બાદ ડ્રગ્સની દાણચોરીની જાણ થઈ હતી, સરકારે નશાનો કારોબાર રોકવા માટે અભિયાન ચલાવ્યુ છે

પંજાબ

કચ્છ

કચ્છ

કચ્છના દરિયે મોટું સર્ચ ઓપરેશન

કચ્છના દરિયે પાક.થી આવતું ૨૮૦ કરોડનું ડ્રગ્સ ઝડપાયું :કરાંચીથી અલહજ નામની બોટ આવતી હતી, જેની તપાસ કરવામાં આવતા ડ્રગ્સના જથ્થા સાથે ૯ આરોપીની ધરપકડ કરાઈ છે

ચંદીગઢ,તા.૨૫

કસ્ટમ અધિકારીઓએ અટારી ખાતેની ઈન્ટિગ્રેટેડ ચેક પોસ્ટ પરથી આંતરરાષ્ટ્રીય બજારમાં આશરે રૂ. ૭૦૦ કરોડની કિંમતનું ૧૦૨ કિલો હેરોઈન જપ્ત કર્યું છે. જે દિલ્હી સ્થિત એક આયાતકાર દ્વારા અફઘાનિસ્તાનથી આયાત કરાયેલ મુલેઠી (લીકોરીસ)ના કન્સાઈનમેન્ટ સાથે પેક કરવામાં આવ્યું હતું. કસ્ટમ વિભાગના જણાવ્યા અનુસાર, દવાઓના કન્સાઈનમેન્ટના એક્સ-રે સ્કેનિંગ બાદ ડ્રગ્સની દાણચોરીની જાણ થઈ હતી. લાકડાના લોગના કન્સાઈનમેન્ટમાં કેટલાક અનિયમિત ધબ્બાઓ દેખાંતા શંકા થઈ જે પછી, કસ્ટમ કર્મચારીઓએ બેગ ખોલી અને જોયું કે કેટલીક થેલીઓમાં નાના નળાકાર લાકડાના લોગ હતા જે મુલેઠી ન હતા. કસ્ટમ વિભાગનું કહેવું છે કે, લાકડાનાં લોગનું ફૂલ વજન ૪૭૫ કિલોગ્રામ હતું. જેમાં આંતરરાષ્ટ્રીય માર્કેટમાં આશરે ૭૦૦ કરોડ રૂપિયાનાં મુલ્યનું ૧૦૨ કિલોગ્રામ હેરોઈન મળી આવ્યું છે. હેરોઈનની આ ખેપ અફઘાનિસ્તાનથી પાકિસ્તાનનાં રસ્તે ભારતમાં આવી છે. ઉલ્લેખનીય છે કે, પંજાબમાં માન સરકારે નશા પર રોક લગાવવાં મોટું અભિયાન શરૂ કર્યું છે. તેમ છતા અવાર નવાર ઘણાં યુવકોનું નશાનાં ઓવરડોઝથી મોત થઈ રહ્યું છે. વિભાગનાં અધિકારીઓએ અફઘાનિસ્તાનથી આવતાં સામાન માંથી અટારીથી ભારતમાં સૌથી મોટી ડ્રગ્સની દાણચોરી પકડી આવ્યું છે. આ પહેલાં જૂન ૨૦૧૯માં કસ્ટમ વિશેષ રૂપથી ભારતેંઝ અટારીમાં અફઘાનિસ્તાનથી સુકો મેવો, તાજા ફળ અને જડીબુટ્ટીઓ આવે છે. આ પહેલાં જૂન ૨૦૧૯માં કસ્ટમ હતી. જેમાં ૫૩૨.૬ કિલોગ્રામ હેરોઇન જપ્ત કર્યું હતું. ઉલ્લેખનીય છે કે, ભારતેંઝ, અટારી ખાતે અફઘાનિસ્તાનથી ડ્રાય ફ્રૂટ્સ, તાજા ફળો અને જડીબુટ્ટીઓની આયાત કરે છે. અગાઉ જૂન ૨૦૧૯ માં, કસ્ટમ્સ અધિકારીઓએ અફઘાનિસ્તાનથી આયાતમાંથીંઝ અટારી પાસેથી ભારતમાં સૌથી મોટી જપ્તીમાં ૫૩૨.૬ કિલો હેરોઈન જપ્ત કર્યું હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે દિલ્હી સ્થિત એક આયાતકારે અફઘાનિસ્તાન સ્થિત વેપારી એ નઝીર કંપની મઝાર-એ-શરીફ પાસેથી કુલ ૩૪૦ બેગ દારૂની આયાત કરી હતી, જેને કેબર સ્થિત લોજિસ્ટિક્સ અને ફ્રેટ ટ્રાન્સપોર્ટ કંપની દ્વારોંઝ, અટારીમાં લાવવામાં આવી હતી. હેરોઈન સાથે દારૂનું કન્સાઈનમેન્ટ ૨૨ એપ્રિલના રોજ ઝ અટારી ખાતેના કાર્ગો ટર્મિનલ પર ઉતારવામાં આવ્યું હતું. કસ્ટમ અધિકારીઓ ક્લિયરિંગ એજન્સીની તપાસ કરી રહ્યા છે જેણે કન્સાઈનમેન્ટને પરત મેળવવા અને તેને દિલ્હી મોકલવાનું હતું.

જ્યારે ગુજરાતના દરિયા કિનારે ડ્રગ્સ મળવાનો સિલસિલો યથાવત છે. ગુજરાત છ્જી અને ઈન્ડિયન કોસ્ટગાર્ડે મેગા ઓપરશન કરીને ૨૮૦ કરોડનું ડ્રગ્સ ઝડપી પાડ્યુ છે. પાકિસ્તાનથી આવતી બોટમાંથી ૫૬ કિલો ડ્રગ્ઝ ઝડપાયું છે. કોસ્ટગાર્ડ અને ગુજરાત છ્જીનું સૌથી મોટું ઓપરેશન પાર પાડ્યુ છે. જેમાં નાપાક પાકિસ્તાનની સૌથી મોટી પોલ ખુલી છે. પાકિસ્તાનથી આવતા ડ્રગ્સના પેકેટ ઝડપી પાડવામાં આવ્યા છે. આંતરરાષ્ટ્રીય સમુદ્રી સીમા પાસે

● અનુસંધાન પાન-૭ પર

દેશને એક મહિનામાં ત્રણ મુખ્ય ન્યાયાધીશ મળશે

સુપ્રીમ કોર્ટના ન્યાયિક ઈતિહાસમાં રેકોર્ડ : આ પહેલાં ૧૯૯૧ નવેમ્બર અને ડિસેમ્બર મહિનાની વચ્ચે સુપ્રીમ કોર્ટમાં ૩ ચીફ જસ્ટિસ બન્યા હતા

નવી દિલ્હી, તા.૨૫

વર્ષ ૨૦૨૨માં સુપ્રીમ કોર્ટના ન્યાયિક ઈતિહાસમાં અલગ રીતે નોંધાવવા જઈ રહ્યો છે. દેશને મહિનાની અંદર મુખ્ય ૩ નવા ન્યાયાધિશ મળવાના છે. આ પહેલાં ૧૯૯૧મા આવુ બન્યુ હતુ.

હાલના ચીફ જસ્ટિસ એનવી રમન ૨૬ એપ્રિલના રોજ રિટાયર્ડ થવાના છે, જે બાદ જસ્ટિસ ઉદય યૂ. લલિત મુખ્ય ન્યાયાધીશ બનશે. જેમનો કાર્યાલય લગભગ ૨ મહિના સુધી રહેશે.

૮ નવેમ્બરે જસ્ટિસ ઉદય યૂ. લલિત નિવૃત્ત થશે. ૮ નવેમ્બરનાં રોજ ઉદય યૂ. લલિતના રિટાર્યડ બાદ જસ્ટિસ ધનજંય વાઈ. ચંદ્રચૂડ તેમનું સ્થાન લેશે. તે લગભગ ૨ વર્ષ સુધી તેમના સ્થાન પર કાર્યરત રહેશે. આ રીતે ૭૬ દિવસોના અંતરાલમાં દેશને ૩ નવા ચીફ જસ્ટિસ જોવા મળશે. એક રિપોર્ટ પ્રમાણે જોવા જઈએ તો આ પહેલાં ૧૯૯૧ નવેમ્બર અને ડિસેમ્બર મહિનાની વચ્ચે સુપ્રીમ કોર્ટમાં ૩ ચીફ જસ્ટિસ બન્યા હતા. જસ્ટિસ રંગનાથ મિશ્રા ૨૪ નવેમ્બર ૧૯૯૧ના રોજ સીજેઆઈ તરીકે નિવૃત્ત થયા. જસ્ટિસ કમલ નારાયણ સિંહે આ પદ સંભાળ્યું, પરંતુ તેઓ દેશના આ સૌથી મોટા ન્યાયિક પદ પર માત્ર ૧૭ દિવસ જ રહ્યા.તેમના નામે સૌથી ટૂંકા કાર્યકાળનો રેકોર્ડ છે. જસ્ટિસ કમલ નારાયણ સિંહની નિવૃત્તિ પછી, જસ્ટિસ એમએચ કાનિયાએ ૧૩ ડિસેમ્બર ૧૯૯૧ના રોજ મુખ્ય ન્યાયાધીશ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો. ૩ મહિનામાં ૩ દેશોના મુખ્ય ન્યાયાધીશનો આ બીજો મામલો હોઈ શકે છે, પરંતુ એક વર્ષમાં ૩ સીજેઆઈની ઘણી વખત નિમણૂક કરવામાં આવી છે. ૧૯૫૪થી શરૂ થયેલી આ શ્રેણી ૨૦૧૭ સુધી જોવા મળી છે. સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટિસ માટે કોઈ લઘુત્તમ કાર્યકાળ નક્કી નથી. ન્યાયાધીશો વરિષ્ઠતાના આધારે આ પદ પર પહોંચે છે અને ૬૫ વર્ષની ઉંમર સુધી રહે છે.

ચિંતા : દેશમાં એક સપ્તાહમાં જ કોરોનાના કેસ બમણા

ભારતમાં કોરોનાએ ફરી ફૂંફાડો માર્યો : ભારતમાં સતત ૧૧ અઠવાડિયા સુધી કોરોના વાયરસના કેસ સ્થિર રહ્યા પછી પાછલા બે અઠવાડિયાથી નવા કેસમાં વધારો નોંધાઈ રહ્યો છે

નવી દિલ્હી, તા.૨૫

ભારતમાં ફરી એકવાર કોરોનાના કેસમાં વધારો થતા ચોથી લહેરનો ગણગણાટ શરુ થઈ ગયો છે. ભારતમાં બીજી લહેર બાદ તાજેતરમાં કોરોનાના દૈનિક કેસ ૧૦૦૦ની અંદર આવ્યા પછી ફરી એકવાર નવા કેસમાં વધારો થતા ચિંતામાં વધારો થયો છે. કોરોનાના નવા કેસમાં ૧૨ રાજ્યોમાં પાછલા ત્રણ અઠવાડિયામાં ઉછાળો નોંધાયો છે. આ સાથે કેટલાક રાજ્યોમાં પાછલા ૭ દિવસની સરખામણીમાં રવિવારે નવા કેસમાં વધારો થયો છે.

ભારતમાં પાછલા અઠવાડિયામાં (૧૮-૨૪ એપ્રિલ) કોરોનાના ૧૫,૭૦૦ નવા કેસ નોંધાયા છે, જ્યારે આ પહેલા સપ્તાહના ૮,૦૫૦ કેસ નોંધાયા હતા. એટલે કે પાછલા અઠવાડિયે નોંધાયેલા કેસમાં ૯૫%નો વધારો નોંધાયો છે. સતત ૧૧ અઠવાડિયા સુધી કોરોનાના કેસ સ્થિર રહ્યા પછી પાછલા બે અઠવાડિયાથી નવા કેસમાં વધારો નોંધાઈ રહ્યો છે.

આ અઠવાડિયા દરમિયાન દિલ્હી, હરિયાણા અને ઉત્તરપ્રદેશમાં કોરોનાના નવા કેસમાં વધારો નોંધાયો છે, જેમાંથી સૌથી વધારે એનસીઆર શહેરોમાં કેસ વધ્યા છે. આ ત્રણ રાજ્યો હતા કે જ્યાં નવા કેસમાં ઉછાળો નોંધાયો હતો, પરંતુ પાછલા અઠવાડિયામાં રાજ્યોની સંખ્યા વધીને ૯ થઈ ગઈ છે, જેમાં કેરળ, મહારાષ્ટ્રા, કર્ણાટક, તામિલનાડુ, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન અને પંજાબનો સમાવેશ થાય છે.

દિલ્હીમાં પાછલા અઠવાડિયામાં ૬,૩૨૬ કેસ નોંધાયા છે, એ પહેલાના અઠવાડિયે અહીં ૨,૩૦૭ કેસ નોંધાયા હતા.

મોદી બુધવારે મુખ્યમંત્રીઓ સાથે કોરોના મુદ્દે ચર્ચા કરશે

દેશમાં કોરોના વધતા એક્શનમાં કેન્દ્ર સરકાર

નવી દિલ્હી,તા.૨૫

ફરી એકવાર કોરોના વાયરસે ચિંતામાં વધારો કર્યો છે. થોડા સમય પહેલાં સ્થિતિ લગભગ એકદમ સામાન્ય થઈ ગઈ હતી. જોકે, ઓચિંતા કોરોનાના નવા કેસ સામે આવતા ફરી ફફડાટ ઉભો થયો છે. નવા કેસ સામે આવતાની સાથે જ સરકારની ચિંતામાં પણ વધારો થયો છે. એજ કારણ છેકે, હાલ કેન્દ્રમાં બેઠકોનો દૌર શરૂ થયો છે. પ્રધાનમંત્રી મોદીએ પોતે આરોગ્ય વિભાગના અધિકારીઓને આ અંગે પુરતી તકેદારી રાખવા અને જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવાનો આદેશ કર્યો છે. એટલું જ નહીં વિવિધ રાજ્યો સાથે પણ પ્રધાનમંત્રી મોદી સીધા સંપર્કમાં છે. પીએમ મોદી દેશના તમામ રાજ્યોમાં કોરોનાની સ્થિતિ અંગે સતત મોનિટરિંગ કરી રહ્યાં છે. એટલું જ નહીં બુધવારે પીએમ મોદી વિવિધ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વર્ચ્યુઅલ બેઠક કરીને કોરોના મુદ્દે ચર્ચા કરશે. ઉલ્લેખનીય છેકે, હાલ દેશભરમાં કોરોનાના કેસમાં વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને દિલ્હી, મહારાષ્ટ્ર સહિતના કેટલાક રાજ્યોમાં કોરોના કેસે ચિંતામાં વધારો કર્યો છે. કારણકે, આ રાજ્યોમાં કોરોનાના કેસ ખુબ ઝડપથી વધી રહ્યાં છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી એટલેકે, IIT મદ્રાસમાં કોરોનાના ૫૫ કેસ સામે આવ્યા છે. જેને પગલે તમિલનાડુનું આરોગ્ય વિભાગ પણ દોડતું થયું છે.

વધતા જતા કોરોનાના કેસને કારણે હાલની સ્થિતિની સમિક્ષા કરવી આવશ્યક છે. જેને પગલે હવે કેન્દ્રીય સ્તરે ધમધમાટ શરુ થયો છે. પ્રધાનમંત્રી મોદીએ પોતે હવે આ અંગે મોનિટરિંગ શરૂ કરી દીધું છે. એટલું જ નહીં તેમણે આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓને પણ કામે લગાવ્યાં છે. પીએમ મોદીએ ૨૭ એપ્રિલના બપોરના ૧૨ વાગ્યે તમામ મુખ્યમંત્રીઓ સાથે એક મોટી બેઠક કરવાના છે. પીએમે મોદી મુખ્યમંત્રીઓ સાથે કોવિડ સ્થિતિની ચર્ચા કરશે અને રાજ્યોને જરુરી પગલાં ભરવાનો આદેશ આપશે.

પોલીસે પાણી પણ ન આપ્યાનો નવનીત રાણાએ કરેલો આક્ષેપ

નવનીત રાણાએ લોકસભા સ્પિકરને પત્ર લખ્યો : હાજર પોલીસ સ્ટાફે કહ્યું કે હું અનુસૂચિત જાતિની છું, તેથી તેઓ મને તે ગ્લાસમાં પાણી આપી શકે નહીઃ રાણા

મુંબઈ, તા.૨૫

મહારાષ્ટ્રમાં જારી હનુમાન ચાલીસા અને લાઉટસ્પીકર વિવાદની વચ્ચે ઉદ્ધવ ઠાકરે વિરુદ્ધ ભાજપના અભિયાનની વચ્ચે ચર્ચામાં આજે જો કોઈ ચહેરો સૌથી આગળ છે, તો તે છે નિર્દળીય સાંસદ નવનીત રાણાનો. સાઉથ ઈન્ડિયન ફિલ્મના પૂર્વ એક્ટ્રેસ અને સાંસદ નવનીત રાણાએ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના ઘર પર હનુમાન ચાલીસાના પાઠનુ એલાન કેમ કર્યુ. શિવસૈનિકોએ ખૂબ હોબાળો કર્યો. જે બાદ મહારાષ્ટ્રની પોલીસે કેટલાક કેસ નોંધ્યા અને સાંસદ નવનીત રાણા અને તેમના પતિ ધારાસભ્ય રવિ રાણાની ધરપકડ કરીને જેલ પહોંચાડી દીધા. હવે નવનીત રાણાએ લોકસભા સ્પીકરને પત્ર લખીને ઉદ્ધવ સરકાર અને મહારાષ્ટ્ર પોલીસ પર કેટલાક આરોપ લગાવ્યા છે. નવનીત રાણાએ લોકસભા સ્પીકર ઓમ બિડલાને પત્ર લખ્યો છે. જેમાં નવનીતનુ દર્દ છલકાયુ છે. નવનીત રાણાએ પત્રમાં લખ્યુ કે મને ૨૩ તારીખે પોલીસ સ્ટેશન લઈ જવાઈ. ૨૩ એપ્રિલએ મારે આખી રાત પોલીસ સ્ટેશનમાં જ પસાર કરવી પડી. રાતે મે ઘણી વાર પીવાનુ પાણી માગ્યુ પરંતુ આખી

● અનુસંધાન પાન-૭ પર

મેક્રોન બીજી વાર ફ્રાન્સના રાષ્ટ્રપતિ પદે ચૂંટાયા

પેરિસ, તા.૨૫

ફ્રાંસના વર્તમાન રાષ્ટ્રપતિ ઈમૈનુએલ મૈક્રોં રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં વિજયી બન્યા છે અને તેમને ૫૮.૨ ટકા મત મળ્યા છે. મૈક્રોંને મરીન લે પેનને હરાવીને સતત બીજી વખત રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં જીત હાંસલ કરી છે. પ્રાથમિક અનુમાનમાં મૈક્રોંને આશરે ૫૭-૫૮% મત મળશે તેમ જણાઈ રહ્યું હતું. આ પ્રકારના અનુમાન સામાન્ય રીતે ચોક્કસ જ હોય છે. મૈક્રોંના વિજય બાદ તેમના સમર્થકોએ પેરિસના એફિલ ટાવર પાસે વિજયની ઉજવણી કરી હતી.

ઈન્ડોનેશિયાએ પામ ઓઈલ પરનો પ્રતિબંધ હટાવ્યો

નવી દિલ્હી, તા.૨૫

વિશ્વમાં પામઓઈલના સૌથી મોટા ઉત્પાદક દેશ ઈન્ડોનેશિયાએ ઘરેલું સપ્લાય ઘટ અને દેશમાં સસ્તું તેલ મળી રહે તેવા આધાર સાથે ખાદ્યતેલોની નિકાસ પર સંપૂર્ણપણે પ્રતિબંધ મુક્યો હતો. ઈન્ડોનેશિયાના આ નિર્ણયથી સમગ્ર દુનિયાને મસમોટો ફટકો પડવાની આશંકા હતી અને ખાસ કરીને ભારત જેવા દેશને જે પોતાની કુલ પામઓઈલ આયાતમાંથી ૬૦ ટકા ઈન્ડોનેશિયા પાસેથી ખરીદે છે.

જોકે અનેક ફરિયાદો અને આયાતકાર દેશોની અરજીને ધ્યાને લઈને ઈન્ડોનેશિયાએ નિકાસ પ્રતિબંધોમાં અમુક છૂટ આપી છે. બ્લૂમબર્ગના અહેવાલ અનુસાર ઈન્ડોનેશિયાએ ક્રૂડ પામ ઓઈલ અને આરબીડી પામ ઓઈલ પર લાદેલ નિકાસ પ્રતિબંધ દૂર કર્યો છે એટલેકે ગત સપ્તાહે ૨૮મી એપ્રિલથી લાગુ થનાર તમામ પ્રકારના ખાદ્યતેલોની નિકાસ પ્રતિબંધોમાંથી ક્રૂડ પામ ઓઈલ અને આરબીડી પામ ઓઈલને મુક્તિ આપી છે.

મોટા જથ્થાબંધ બલ્ક અને પેકેજ્ડ આરબીડી પામ ઓઈલના એક્સપોર્ટ ઓર્ડરને અટકાવવામાં આવશે જ્યારે ક્રૂડ પામ ઓઈલને સંપૂર્ણ મુક્તિ મળી શકે છે તેમ સૂત્રોએ બ્લૂમ્બર્ગને જણાવ્યું છે.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. કે. પી. સોલંકી

જ.તા. ૧/૬/૧૯૫૧ । સ્વ. તા. ૨૬/૪/૨૦૨૧

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી.
પરિશ્રમ જેનું કર્તવ્યુ હતું, પરમાર્થ જેની ભક્તિ હતી.
ધરમ કદી ભૂલ્યા નહીં, વ્યવહાર કદી ચુક્યા નહીં.
પરિવાર માટે ફુલો પાથરી ગયા એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એજ પ્રાર્થના સાથે ભાવભરી શ્રદ્ધાંજલિ પાઠવીએ છીએ...

લિ. પિંકેશ કે. સોલંકી (પુત્ર) - લંડન
તથા સમસ્ત સોલંકી પરિવાર
સરનામું : કે.પી. સોલંકી, ૫૨૯/૨, સે.૭બી, ગાંધીનગર
મો. નં. ૯૩૨૭૧૨૦૧૭૧, ૯૧૭૩૫૯૨૩૨૦